મે ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## રજા...એ...મજા



# રજા... એ મજા...





## સંપાદકીય

બાળમિત્રો,



હા...શ...પરીક્ષા ગઈ. વેકેશન આવ્યું. હવે જે કરવું હોય એ કરાશે. જેટલું સૂવું હોય, જેટલું રમવું હોય, જેટલું રખડવું હોય, જેટલું ફરવું હોય....કરો....કોઈ રોકનાર નહીં, કોઈ ટોકનાર નહીં.

વાત તો સાચી છે. વેકેશનનો સમય એ તમારો સમય કહેવાય. તમારો આ સમય સાવ વ્યર્થ ન જાય એ માટે જ ખાસ આ અંક બનાવવામાં આવ્યો છે. મજા ભલે કરો. પણ સાથે સારી સમજણ પણ કેળવો જેથી તમારી આવતી કાલ ઉજ્જવળ બને. માટે ચોક્કસ વાંચજો આ અંક રજા...એ...મજા

-ડિમ્પલ મહેતા

## અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૯
સળંગ અંક : ૧૦૫
મે ૨૦૧૭

................................

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...



પ્રશ્નકર્તા : આ બધા ધરતીકંપ થાય, વાવાઝોડા થાય, લડાઈ થાય એ બધું હાનિ-વૃધ્ધિના નિયમના આધારે થાય?

દાદાશ્રી : ના, કર્મના ઉદયના આધારે. બધા ઉદય ભોગવી રહ્યા છે.

પ્રશ્નકર્તા : જેને ભોગવવાનું છે એનો ઉદય?

દાદાશ્રી : હા, મનુષ્યોનો, જાનવરોનો, બધાનો સામૂહિક ઉદય આવે. જુઓને ! આ હીરોશીમા ને નાગાસાકીને ઉદય આવ્યો હતો ને!

પ્રશ્નકર્તા : જેવી રીતે એકે પાપ કર્યું એવી રીતે સામૂહિક પાપ કરે, એનો બદલો સામૂહિક રીતે મળે? એક જણ પોતે ચોરી કરવા ગયો અને દસ જણા સાથે ધાડ પાડવા ગયા. તો એનો દંડ સામૂહિક મળતો હશે?

દાદાશ્રી : હા. પણ દસેયને ઓછું વધતું. એના કેવા ભાવ છે તે ઉપર. કોઈક માણસ તો એમ કહેતો હોય કે મારે ચોરી કરવા પરાણે જવું પડ્યું, એવા ભાવ હોય. એટલે જેવો સ્ટ્રોંગ ભાવ છે, એ ઉપર હિસાબ બધા ચૂકવવાના.

પ્રશ્નકર્તા : પણ જે આ કુદરતી કોપ થતા હશે, આ કોઈ જગ્યાએ પ્લેન પડ્યું ને આટલા મરી ગયા ને કોઈ જગ્યાએ કોઈ પેલો જ્વાળામુખી ફાટ્યોને બે હજાર જણા મરી ગયા, એ બધા એક સાથે એ સામૂહિક દંડનું પરિણામ હશે?

દાદાશ્રી : હા, એ બધાનો હિસાબ. એટલા હિસાબવાળા જ પકડાઈ જાય એમાં. કોઈ બીજો પકડાય નહીં. આજ મુંબઈ ગયો હોયને ત્યાર પછી કાલે ધરતીકંપ અહીં થાય અને મુંબઈવાળા અહીં આવ્યા હોય. તે મુંબઈવાળા અહીં મુઆ હોય, એટલે બધો હિસાબ.

પ્રશ્નકર્તા : હં..એટલે કુદરતી કોપ એ સમૂહનું જ પરિણામ ને! આ અનાવૃષ્ટિ થવી, આ કોઈ જગ્યાએ ખૂબ પૂર આવી જવા, કોઈ જગ્યાએ ધરતીકંપ થઈને લાખો મરી જવા.

દાદાશ્રી : હા, સમૂહનું જ પરિણામ.

પ્રશ્નકર્તા : એટલે જે વખતે દંડમાં આવવાના હોય ત્યારે ગમે ત્યાંથી ખેંચાઈને અહીં આવી જ ગયો હોય?

દાદાશ્રી : એ કુદરત જ લાવી નાખે ત્યાં અને બાફી નાખે, શેકી નાખે. એને પ્લેનમાં લાવીને પ્લેન પાડે. હિસાબ બધો. પદ્ધતિસર ન્યાય. બિલકુલ ધર્મના કાંટા જેવું.



લોભી પ્રકૃતિવાળાએ શું ભાવના કરાય કે જગત કલ્યાણમાં મારું સર્વસ્વ ખર્ચાઓ... તન, મન, ધનથી. માટે નવી ભાવના સુધારો. તેના ફળ સ્વરૂપે આવતે ભવ મોટું મન મળે.

વાઘ અને સિંહને આપણે શુદ્ધાત્મા સ્વરૂપે જોઈએ તો એ એનો પાશવી ધર્મ ભૂલી જાય.



# આ તો નવી જ વાત !



જ્યાં ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. જેટલા એડજસ્ટમેન્ટ લેશો એટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે.
દિલ ઠરે એવી વાત હોય તો ય સ્વીકાર ના કરે, પોતાના મતે જ ચાલે. એને આડાઈ જ કહેવાય.

# હું મારું કામ કરું છું...

એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં ઘૂસ્યો. તેના હાથમાં અગરબત્તીના પેકેટ્સ હતાં. તે બધાને પૂછવા લાગ્યો કે અગરબત્તી લેવી છે ?

બાળકને જોઈને રિસેપ્શન કાઉન્ટર ઉપર બેઠેલા માણસે રાડ પાડી.

''તું પાછો આવી ગયો ? ચાલ બહાર નીકળ. તને ના પાડી છે તો પણ ચાલ્યો આવે છે.''

બહુ ખરાબ રીતે તેણે બાળકને ખખડાવ્યો. પોતાના દીકરાની ટ્રીટમેન્ટ કરાવવા આવેલા એક સ્વજન ભાઈએ બાળકને પૂછ્યું, ''તને આટલી ખરાબ રીતે ખખડાવે છે તો પણ તું શા માટે અહીં આવે છે ?''

અણસમજુ દેખાતા એ બાળકે મોટી વાત કરી દીધી. બાળકે કહ્યું, ''હું મારું કામ કરું છું, અને એ એનું કામ કરે છે ! મારું કામ છે અગરબત્તી વેચવાનું, એટલે હું અગરબત્તી વેચું છું. તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે એ મને કાઢી મૂકે છે.

હું અપંગ છું. ગઈ કાલે મારે ઘરે જવામાં મોડું થયું. ઘરે પહોંચ્યો ત્યારે મારી મા રડતી હતી. મેં તેને પૂછ્યું તો તેણે કહ્યું, ''મને તારી ચિંતા થતી હતી. તને કંઈ થઈ જાય તો ?''

ત્યારે મેં એને પણ એ જ સમજાવ્યું કે ચિંતા કરવાનું કામ તારું નથી. તું ઘરનું ધ્યાન રાખે છે, બધા માટે જમવાનું બનાવે છે. તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે ? ના ગમે ને ?

મારી ચિંતા કરવાનું કામ તો ભગવાનનું છે ને ? ભગવાનના કામમાં તું ડખલ કરીશ તો ભગવાનને પણ નહીં ગમે !''



સ્વજન ભાઈ કહે છે કે એ બાળક તો આટલી વાત કરીને ચાલ્યો ગયો પણ, મને આખી જિંદગી કામ લાગે એવો પાઠ શીખવાડી ગયો.

હું સાવ હળવો થઈ ગયો. મને વિચાર આવ્યો કે હું દીકરાની ખોટી ચિંતા કરું છું. એ મારું કામ નથી, મારું કામ તો છે તેને બેસ્ટ ટ્રીટમેન્ટ અપાવવાનું, તેનું જતન કરવાનું અને તેને પોતાના દર્દમાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું. હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે તેના ઉપર જ છોડી દઉં.

આપણે પણ બસ એટલું તપાસતા રહીએ કે મારે જે રોલ ભજવવાનો છે એ હું સરખી રીતે ભજવું છું કે નહીં ?

# મિત્રો, જે નવા બદલાવની તમે રાહ જોઈ રહ્યા હતા તેની ઝલક...




## જેમ તમારી પ્રગતી થાય છે તેમ મારી પણ... Kids.dadabhagwan.org










## આ છે મારા સફરની એક ઝલક...




એક્સ્પરીમેન્ટ કોર્નર

ઘરે અજમાવા જેવા રસપ્રદ પ્રયોગો... મોજમજાથી ભરપૂર અક્રમ વિજ્ઞાનના પ્રયોગો જાણો અને જાતે ટ્રાય કરો.

પેહલા ક્યારેય સાંભળી ના હોય એવી અનોખી વાતો જેનાથી તમે બોલી ઉઠશો ઓહ રીયલી !




ઓહ રીયલી !




સ્ટોરીઝ

તમારી દુનિયા... તમારી જ ફીલીંગ સાથે વાર્તાઓની એક અનોખી દુનિયા




ગેમ્સ કોર્નર

આઈપેડ હોય કે મોબાઈલ, રમવાની મજા આવી !!!

આ બધુ જ તમને એક સાથે ક્યા મળશે ! જુઓ પાના નં ૧૯ પર શું છે ?

# અસલી આનંદ


માજી, મને એક કિલો નારંગી આપોને.
લો ભાઈ.
લો પૈસા
થેલીમાંથી એક નારંગીની ચીર ચાખી, મોઢું બગાડતા,
અરે, આ તો ખાટી છે. તમે જાતે જ ચાખી જૂઓ.
આ તો મીઠી છે.
પણ ત્યાં સુધીમાં પેલો ભાઈ અને એની પત્ની જતા રહ્યા હોય છે.
નારંગી કાયમ મીઠી જ હોય છે તો પછી તમે દર વખતે આ નાટક કેમ કરો છો ?



એ વૃદ્ધા હંમેશાં આ મીઠી નારંગીઓ વેચે છે પણ પૈસાના અભાવે ક્યારેય પોતે ખાઈ શકતી નથી.
આવું કરીને હું તેને એક નારંગી ખવડાવી દઉં છું અને એમાં તેને નારંગી માટે એક પૈસો પણ ખર્ચવો પડતો નથી.
આ બાજુ, એ વૃદ્ધાની બાજુમાં બેસનાર એક શાકવાળી આ બધું રોજ જોતી હતી.
દર વખતે આ માણસ તારી નારંગીઓ માટે મગજમારી કરે છે. અને મેં એ પણ જોયું છે કે તું એને કાયમ વધારે નારંગીઓ તોલીને આપે છે. એવું કેમ ?
હું જાણું છું કે એ આ બધું મને નારંગી ખવડાવવા માટે જ કરે છે અને તે એમ માને છે કે મને આની કંઈ ખબર નથી પડતી.
હું તેને વધારે એટલા માટે આપું છું કે જેથી એક નારંગી મને આપ્યા બાદ એને વજનમાં ઓછું ન પડે.
પોતાની આસપાસના લોકો માટે પ્રેમની આવી ભાવનામાં જ જિંદગીનો અસલી આનંદ છુપાયેલો છે.
હે ભગવાન, અમને બધા માટે હંમેશાં આવી અદ્ભુત કાળજી અને વર્તન કરવાની શક્તિ આપો.

# સમર કેમ્પની ઝલક

૪ થી ૭ વર્ષના બાળકો માટે

સુરત



૮ થી ૧૨ વર્ષના બાળકો માટે



ભરૂચ



બરોડા



સીમંધર સીટી

## સુરેન્દ્રનગર





## વલસાડ







## મુંબઈ







## સુરત







# મનગમતી



જય સચ્ચિદાનંદ પૂજ્યશ્રી. હું જી એમ.એચ.ટી.છું. મેં છ મહિના પહેલા જ્ઞાન લીધું, જ્યારે હું મમ્મીના પેટમાં હતી.

હું ક્યારની તમને પ્રત્યક્ષ જોવા તરસતી હતી. મારા જેવા નાના બાળક માટે છ મહિના ઘણા કહેવાય.





આજે તમને જોઈને મને ખૂબ આનંદ થયો. તમે મને તમારા ખોળામાં બેસાડશો ?

આહાહાહા, હું નિગોદમાંથી બહાર નીકળી ત્યારથી આ ક્ષણની રાહ જોઈ રહી હતી.



# વાર્તા



પૂજ્યશ્રી, તમને જોઈને બહુ વહાલ આવે છે.

હવેથી હું જી એમ.એચ.ટી. માંથી બી.એમ.એચ.ટી. માં પ્રમોટ થઈ છું.





પૂજ્યશ્રી, તમને ખબર છે, તમારી પાસે આવવાનો મારો બીજો પણ એક હેતુ હતો, મારા પેરન્ટ્સને જ્ઞાન અપાવવાનો.

આજે મારી બંને ઈચ્છા પૂરી થઈ. હવે હું શાંતિથી "દાદા ભગવાનના અસીમ જયજયકાર હો" કરીશ.



# બાળક વજસ્વામી



વજસ્વામીની માતાનું નામ સુનંદા. એના પિતા વૈરાગી હતા. એમને સંસારમાં કોઈ રસ ન હતો. પણ પત્ની સુનંદા એમને દીક્ષા લેવા અનુમતિ આપતી નહોતી. એણે એના પતિ સાથે એવી શરત કરી હતી, કે જ્યારે હું ગર્ભવતી થાઉં ત્યારે તમારે સંસાર ત્યાગીને જવું, એ પહેલાં નહિ. સુનંદાનો પતિ દીક્ષા ગ્રહણ કરવા થનગની રહ્યો હતો.

અને એક દિવસ સુનંદા ગર્ભવતી થઈ. એ સમાચાર જાણતાં અગાઉ થયેલી શરત મુજબ તેનો પતિ વીરપ્રભુના પંથે જવા નીકળી પડ્યો. તેણે તરત જ દીક્ષા લઈ લીધી. સંસારની માયાથી છુટકારો મળ્યો તેનો તેને અતિ આનંદ હતો.

આ તરફ પૂરા દિવસે સુનંદાની કૂખે વજસ્વામીએ જન્મ લીધો. આડોશી-પાડોશી સુનંદાને ત્યાં આવ્યાં અને પુત્રજન્મની વધાઈ આપી.

આ સમયે કોઈએ સુનંદાને કહ્યું : 'સુનંદા, આ બાળકના પિતાએ સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી છે. જો દીક્ષા ના લીધી હોત તો આ બાળકના જન્મનો ઉત્સવ ભવ્ય રીતે ઊજવાયો હોત.'

સુનંદા કશું ના બોલી.

પરંતુ આ શબ્દોની અસર તરત જન્મેલા બાળકને થઈ. દીક્ષા શબ્દ સાંભળી વજસ્વામીને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પિતાની જેમ દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવાની ભાવના જાગી.

વજસ્વામીનો તાજો જ જન્મ થયો હતો. તેમને થયું કે માતાને પોતાના સંતાન પર અપૂર્વ લાગણી અને પ્રેમ હોય. માતા મમતાના બંધનમાંથી છૂટી શકે નહિ. મારો તો હજુ જન્મ થયો છે, ત્યાં માતા મને શી રીતે દીક્ષા અપાવે ? શું કરવું ?

આમ વિચાર કરતાં બાળક વજસ્વામીને એક ઉપાય જડી ગયો. તેઓ બોલી તો શકતા નહોતા. તેઓ તો હજુ તાજું જ જન્મેલું કુમળા ફૂલ જેવું બાળક હતા.

તેમણે માતાને કંટાળો આપવા રડવાનું શરૂ કર્યું. તેઓ કોઈ પણ કારણ

વગર રડવા લાગ્યા. એમને થયું, કે હું રડવાનું ચાલુ રાખીશ તો માતા મારાથી કંટાળીને પિતાને મારી સોંપણી કરી દેશે.

અને આમ તેઓ સતત રડતા જ રહ્યા.....

માતા સુનંદા પોતાના વહાલસોયા બાળકને શાંત રાખવા અનેક પ્રયત્નો કરવા લાગી પરંતુ વજસ્વામીના હૈયામાં પ્રવ્રજ્યા અંગીકાર કરવાના ભાવ રમતા હતા.

વજસ્વામી એક દિવસ નહિ, બે દિવસ નહિ, એક - બે મહિના પણ નહિ. તેઓ સતત છ મહિના સુધી રડતા રહ્યા. સતત છ મહિના સુધી બાળકના આક્રંદથી માતા સુનંદા કંટાળી. શું કરવું? તેનો ઉપાય જડતો નહોતો.

ત્યારે કોઈએ સલાહ આપી, 'આ બાળક જન્મ્યો ત્યારથી રડતો રહ્યો છે તો તેને તેના પિતાને વહોરાવી દો. એ જ ઉત્તમ માર્ગ છે.'

સુનંદાને આ સલાહ ગમી ગઈ.

સુનંદા વજસ્વામીને લઈને જ્યાં તેના પતિ સાધુપણામાં વિચરતા હતા તે નગરીના ઉપાશ્રયે આવી.

એણે પોતાના દિક્ષિત પતિને ભાવથી વંદન કર્યા અને મક્કમ સ્વરે કહ્યું, 'આ તમારો દીકરો...જન્મ્યો ત્યારથી તેણે રડવાનું બંધ કર્યું નથી... તેના સતત રુદનથી હું હવે થાકી ગઈ છું...તેને છાના રાખવા બધા ઉપાયો અજમાવ્યા પરંતુ મને સફળતા મળી નથી. હવે તમારા પુત્રને તમે જ સંભાળો...'

આમ કહીને સુનંદાએ વજસ્વામીને વહોરાવી દીધો.

નાના કુમળા બાળકને વહોરાવી દીધા પછી સુનંદા પોતાના ઘરે પાછી આવી.

આ તરફ સંઘની શ્રાવિકા બહેનો નાનકડા બાળક વજસ્વામીની દેખભાળ રાખવા લાગ્યાં. વજસ્વામી ઉપાશ્રયમાં જ મોટો થવા લાગ્યો. સાધ્વીજીઓની પાસે પારણામાં ઝૂલતા વજસ્વામીએ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સાધ્વીજી મહારાજ ધાર્મિક અભ્યાસ કરતાં હતાં આથી વજસ્વામીને બધું યાદ રહેવા લાગ્યું. ઉપાશ્રયમાં આવ્યા પછી વજસ્વામીએ રડવાનું બંધ કરી દીધું હતું.

સુનંદાને આ વાતની ખબર પડી તેથી તેને થયું કે, મેં મારા બુદ્ધિશાળી, ચતુર બાળકને વહોરાવી દીધો તે ઉચિત નથી કર્યું. મારે હવે તેને પાછો લઈ આવવો જોઈએ.

આમ વિચારીને સુનંદા ઉપાશ્રયે પહોંચી. સંઘના આગેવાનો સમક્ષ પોતાના પુત્રને પાછો આપવાની માંગણી કરી.

સંઘના આગેવાનોએ કહ્યું, 'તમે આ તેજસ્વી, સુશીલ, બાળક સંઘને અર્પણ કર્યો છે તેથી તમને પાછો ન મળી શકે.'

સુનંદા પોતાના પુત્રને પાછો મેળવવા સંઘના આગેવાનો સમક્ષ ખૂબ કરગરી. તેણીએ પોતાનો ખોળો પાથર્યો પરંતુ સંઘના આગેવાનોએ જરાય મચક ના આપી.

ત્યારે સુનંદાએ કહ્યું, 'હું હવે મહારાજાને



ફરિયાદ કરીને મારા આંખના રતન સમાન બાળકને લઈને જંપીશ.'

સુનંદા ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર ત્યાંથી સીધી રાજભવનમાં ગઈ.

સુનંદાએ રાજાને મળીને પોતાની વ્યથા કહી. રાજાએ કહ્યું, 'તમે બાળકને સંઘને વહોરાવી દીધો છે એથી બાળક પરનો હક તેનો ગણાય. છતાંય તમે તેની માતા છો...બાળક નાનું છે. તેને બીજી કશી ગતાગમ ન પડે...હું તમને ન્યાય અપાવીશ. ઉપાશ્રયમાં બાળક તમારી પાસે આવે તો તમે એને લઈ જજો.'

રાજાની વાત સાંભળીને સુનંદા ખુશ ખુશ થઈ ગઈ.

બીજે જ દિવસે મહારાજા, મંત્રીઓ વગેરે ઉપાશ્રયે આવ્યા. સુનંદા પણ કેટલીક વસ્તુઓ લઈને ઉપાશ્રયે આવી પહોંચી હતી. સંઘના આગેવાનોને પણ હાજર રહેવા જણાવવામાં આવતાં તેઓ પણ આવી પહોંચ્યા હતાં.

સવારનો સમય હતો.

બાળ વજસ્વામી જાગી ગયા હતા. હવે તો તે ચાલતાં પણ શીખી ગયા હતા.

ઉપાશ્રયોમાં શ્રાવકો પણ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. સૌને તાલાવેલી હતી કે બાળક સુનંદા પાસે જાય છે કે સાધુ મહારાજ પાસે...!

મહારાજાએ એક તરફ બાળકની માતા સુનંદાને બેસાડી, બીજી તરફ સાધુ મહારાજને ઓઘો અને મુહપત્તિ સાથે બેસાડ્યા. વચ્ચે બાળકને મૂક્યો.

સુનંદાએ બાળકને લોભાવવા રમકડાં અને મીઠાઈઓ ખુલ્લી મૂકી. આજુબાજુ સંઘના આગેવાનો અને શ્રાવક - શ્રાવિકાઓ ઊભાં હતાં.

સુનંદાને થયું કે મારો પુત્ર અવશ્ય મારી પાસે જ આવશે.


પરંતુ બાળક વજસ્વામી સંસ્કારી અને ધર્માનુરાગી હતો. તે સંસારના આકર્ષણમાં લપેટાય તેવો નહોતો. તેને માતાએ મૂકેલાં રમકડાં કે મીઠાઈ આકર્ષી શક્યાં નહિ. તે તો તરત જ સાધુ મહારાજ પાસે આવ્યો અને મુહપતિ તથા ઓઘો લઈને નૃત્ય કરવા લાગ્યો.

મહારાજાએ નિર્ણય કર્યો કે બાળકનું મન સંસારમાં ન હોવાથી તે સાધુ મહારાજ પાસે રહેશે.

સંઘે જૈન શાસનનો જયજયકાર લલકાર્યો.

વજસ્વામીની માતા સુનંદા વીલા મોઢે પોતાના સ્થાને પાછી ફરી. આગળ જતાં તેઓ મોટા આચાર્ય બન્યા.





# જીવંત ઉદાહરણ



ડો. રાજેન્દ્રપ્રસાદ જ્યારે વકીલાત કરતા હતા તે સમયની આ વાત છે. જે અસીલનો કેસ તેઓ હાથમાં લેતા, એમાં અચૂક અસીલને જીતાડી આપતા. તેમની કાયદાની સૂઝ ખૂબ ઊંડી હતી. પણ અસત્યનો જ્યાં આશ્રય લેવો પડે એવા કેસ તેઓ કદી હાથમાં ન લેતા. અસત્યથી પ્રાપ્ત થતી કમાણી તેઓ કદી ઈચ્છતા નહોતા.

એકવાર એક માણસ તેમની પાસે આવ્યો અને પોતાનો કેસ લડવા તેણે રાજેન્દ્રબાબુને આગ્રહ કર્યો. એટલું જ નહીં, એ કેસ તેઓ હાથમાં લે તો ઘણી મોટી ફી આપવાની પણ તેણે તૈયારી બતાવી. રાજેન્દ્રબાબુએ કહ્યું 'તમે કેસનાં કાગળિયાં મારી પાસે મૂકતા જાઓ. આજે રાત્રે હું જોઈ લઈશ અને કાલે તમને જવાબ આપીશ.'

બીજે દિવસે પેલો માણસ તેમની પાસે આવ્યો, કે તરત જ રાજેન્દ્રપ્રસાદે તેને કાગળિયાં પરત કર્યાં અને કહ્યું, 'તમારો કેસ હું લડી શકીશ નહીં.'

પેલાએ કારણ પૂછ્યું તો રાજેન્દ્રબાબુએ કહ્યું, 'તમારી પાસે બધા જ પૂરાવાઓ છે. તમે સો એ સો ટકા કેસ જીતી જાઓ તેમ છો, છતાં તમે એક વિધવા બાઈ સામે કેસ કર્યો છે. તમે જીતો એનો અર્થ એ થાય કે એ વિધવા બાઈનો રોટલો ઝૂંટવાઈ જાય. એ સાવ નિરાધાર બની જાય! તમને એની મિલકત મળે તેથી તમને તો આનંદ થાય પણ એ બિચારી વિધવાનું શું? એણે તો ભૂખે મરવાના દિવસો જ જોવાના રહે!

વ્યવસાયની સાથે સાથે મારા કેટલાક આગવા સિદ્ધાંતો પણ છે. મારી તો તમને સલાહ છે કે તમે એ વિધવાની સામે કેસ કરવાનું માંડી જ વાળો. આમ કરવામાં માનવતા છે.

એક વાત સદા યાદ રાખો, કે કોઈને દુઃખ આપીને પ્રાપ્ત કરેલી મિલકત તમને સંતોષ નહીં આપે, તમારા આંતરિક સંતોષને એ નષ્ટ કરશે. આમ છતાં જો તમે એ વિધવાની સામે કેસ કરશો તો હું એ વિધવાનો બચાવ કરીશ અને તેની પાસેથી ફીની એક પાઈ પણ લઈશ નહીં!'

આ સાંભળી અસીલે પેલી વિધવા સામે કેસ કરવાનું માંડી વાળ્યું!

સેવા-પરોપકાર અને માનવતાના જેવા ઉત્કૃષ્ટ ગુણોના આધારે, ડો.રાજેન્દ્રપ્રસાદે પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ કરી અને ભારતના સૌથી પહેલા રાષ્ટ્રપતિના પદે બિરાજમાન થયા.

# દ્રષ્ટિ તેવી સૃષ્ટિ



**એક** 'ગુરુ' તેમના શિષ્યો સાથે વિહાર કરવા નીકળ્યા. 'ગુરુ'-શિષ્યોની નજરે એક દ્રશ્ય પડ્યું. એક બાળકે આંબાના વૃક્ષ પર પથ્થર માર્યો અને એક રસદાર કેરી બાળક પાસે આવીને પડી.

ગુરૂએ એક શિષ્યને પૂછ્યું, 'બોલ વત્સ, તું આમાંથી શું શીખ્યો ?'


શિષ્યે જવાબ આપ્યો, 'ગુરુદેવ, મને તો આમાં એક જ વાત દેખાય છે કે જગત દુષ્ટ બની ગયું છે. પથ્થર માર્યો એટલે આંબાએ કેરી આપી ! આ જગતમાં તાકાતનો પરચો બતાવ્યા વગર કોઈ કંઈ આપતું નથી, પછી તે આંબો હોય કે માણસ. જરાક લાલ આંખ દેખાડો એટલે તરત જ આપી દે.'


એ જ પ્રશ્ન 'ગુરુ'એ બીજા શિષ્યને પૂછ્યો. શિષ્યે જવાબ આપ્યો, 'ગુરુદેવ, આમાં મને આંબાના પરોપકારના દર્શન થાય છે. પથ્થર મારનારને ય તે કેરી આપે છે. માણસે પણ આંબા જેવું બનવું જોઈએ અને પરોપકારી જીવન જીવવું જોઈએ.'

શિષ્યની પોઝીટીવ દ્રષ્ટિથી 'ગુરુ' ખૂબ પ્રસન્ન થયા અને પ્રગતિ માટે આશીર્વાદ આપ્યા. એક જ 'ગુરુ'ના બે શિષ્યો, પણ બંનેની દ્રષ્ટિમાં કેટલો બધો ફરક!

> મિત્રો, આપણે આપણા જીવનમાં કેવી દ્રષ્ટિ રાખવી છે તે આપણે જ નક્કી કરવાનું છે. જેવી આપણી દ્રષ્ટિ હશે તેવું આપણને જગત દેખાશે. તો, આપણે પોઝીટીવ દ્રષ્ટિ જ રાખશું ને ?

**દ્રષ્ટિ તેવી સૃષ્ટિ**






# Welcome to Kids. dadabhagwan.org

Akram Express
May 2017
Year : 9, Issue : 9
Conti. Issue No.: 105

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month



# મીઠી યાદેં

દાદાની વાત છે. અમેરિકાના એક મહાત્માબેનને દાદા માટે ખૂબ ભક્તિભાવ. અમેરિકા જાય ત્યારે દાદા હંમેશાં એમના ઘરે ઉતરતા.

એક વાર દાદા અમેરિકા એમના ઘરે હતા. ત્યારે એ બેનનો બર્થ ડે આવ્યો. એમણે બધા મહાત્માઓને જમવા બોલાવ્યા. દાદાએ એમને પાસે બોલાવી કહ્યું, આવ બેસ. શું આજે તો તારી બર્થડે છે, નહીં. ? ચાલ, આપણે આજે તને ગીફ્ટ આપીએ.

એ બેને જમવામાં ગાજરનો હલવો બનાવ્યો હતો એ દાદાએ એમના હાથે એ બેનને ખવડાવ્યો. પછી કહે, જા, બધાને બોલાવી લાવ.

પેલા બેન બધા મહાત્માને બોલાવી લાવ્યા.

દાદા કહે, આજે અમે તને બહુ મોટી ગીફ્ટ આપીએ છીએ. ઔરંગાબાદમાં અમે જે સામાયિક કરીએ છીએ ને એવી સામાયિક તારી બર્થડેમાં તને ગીફ્ટ આપીએ છીએ. આજે તારે એકેએક જણને પગમાં પડી બધાના આશીર્વાદ લેવાના.

પછી બધા સામે જોઈને કહે, બધાએ સામસામે એકબીજાને પગે લાગવાનું.

અને દાદાની હાજરીમાં બધાએ શરૂ કર્યું. બધા એકે એક જણને પગે લાગે. બધાની આંખોમાં ચોધાર આંસુ હતા. નાની બેબી કે બાબો હોય એને પણ પગે લાગે.

એ મહાત્માબેન ધન્ય થઈ ગયા, દાદાના હાથે આવી અદભુત બર્થ ડે ગીફ્ટ મેળવીને.



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.